MONDAY
12•12•2022

# સંદેશ

રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર અને ભૂજથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંવર્ધક તંત્રી સ્વ. શ્રી ચીમનભાઈ એસ. પટેલ ● Vol : 33 No. : 100 RAJKOT વિ.સં. ૨૦૭૯, માગશર વદ-૦૪ પાના : ૧૪ www.sandesh.com @sandeshnews /sandeshnewspaper કિંમત - રૂા. ૪-૦૦

## બાલાસાહેબ ઠાકરે સમૃદ્ધિ માર્ગનું ઉદ્‌ઘાટન । નાગપુરને વંદે ભારત એક્સપ્રેસ, મેટ્રો ટ્રેન તેમજ વિદર્ભ ક્ષેત્રને એઈમ્સની ભેટ

# શોર્ટકટના રાજકારણથી વિકાસ ન થઈ શકે : મોદી

### ગુલદસ્તામાં ઘણા ફૂલ હોય છે તેમ આ વિકાસનો ગુલદસ્તો, સુગંધ દૂર સુધી જશે

। નાગપુર ।

વડાપ્રધાને નાગપુરમાં ૭૫ હજાર કરોડ રૂ.ના વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ-ખાતમુહૂર્ત બાદ જાહેરસભાને સંબોધતા કહ્યું કે દેશને શોર્ટકટના રાજકારણની નહીં પણ સતત વિકાસની જરૂર છે. તેમણે કેટલાક રાજકીય પક્ષો પર દેશનું અર્થતંત્ર નષ્ટ કરવાનો આરોપ લગાવતા કહ્યું કે પહેલાં કરદાતાઓનું ધન ભ્રષ્ટાચાર અને વોટબેંકના રાજકારણમાં નષ્ટ થઈ જતું હતું. લોકો શોર્ટકટનું રાજકારણ કરનારા, કરદાતાઓના પૈસા લૂંટનારા અને ખોટા વાયદા કરીને સત્તા મેળવતા નેતાઓથી સતર્ક રહે, અર્થતંત્રને નષ્ટ કરવા પ્રયાસ કરી રહેલા નેતાઓ, પક્ષોને લોકો બેનકાબ કરે.

નોંધનીય છે કે અગાઉ વડાપ્રધાને રાજકારણમાં રેવડી કલ્ચર સામે પણ સવાલ કર્યા હતા. મોદીએ કહ્યું કે અમે છેલ્લા ૮ વર્ષમાં સબકા સાથ, સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસ થકી લોકોની માનસિકતા અને દૃષ્ટિકોણ બદલ્યા છે. અમારી સરકાર આધુનિક પાયાના માળખાના વિકાસ પર ધ્યાન આપી રહી છે. મોદીએ પોતે શરૂ કરેલી ૧૧ વિકાસ યોજનાને મહારાષ્ટ્રનું રત્ન ગણાવી કહ્યું કે ડબલ એન્જિન સરકાર રાજ્યમાં વિકાસને વેગ આપી રહી છે. આ પહેલા વડાપ્રધાન મોદીએ નાગપુર-બિલાસપુર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી. ત્યાર બાદ તેમણે નાગપુર મેટ્રોના પહેલા તબક્કાનું લોકાર્પણ કર્યું. તેમણે મેટ્રોમાં સ્કૂલ સ્ટુડન્ટ્સ સાથે મુસાફરી પણ કરી. આ દરમિયાન તેઓ બાળકો સાથે વાતચીત કરતા પણ દેખાયા. ત્યાર બાદ વડાપ્રધાને નાગપુર મેટ્રોના બીજા તબક્કાનું ખાતમુહૂર્ત કર્યું. સાથે જ વિદર્ભ ક્ષેત્રને એઈમ્સની ભેટ આપી. જુલાઈ, ૨૦૧૭માં તેમણે જ આ એઈમ્સનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. તે સમગ્ર વિદર્ભ ક્ષેત્રમાં આધુનિક સારવાર પૂરી પાડવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. વડાપ્રધાને વિદર્ભમાં ૧,૫૦૦ કરોડ રૂ.થી વધુના રેલવે પ્રોજેક્ટ્સનું પણ ખાતમુહૂર્ત કર્યું. મોદીએ કહ્યું કે આજે જે યોજનાઓનું લોકાર્પણ થયું છે તેમાં બે ખાસ વાત છે કે આ બંને અલગ પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે. જેમ કે વંદે ભારત અને એઈમ્સ જુદા-જુદા પ્રકારના પ્રોજેક્ટ છે. જેમ ગુલદસ્તામાં ઘણા ફૂલ હોય છે તેમ આ વિકાસનો ગુલદસ્તો છે, જેની સુગંધ દૂર દૂર સુધી ફેલાશે. પહેલીવાર દેશમાં એવી સરકાર છે કે જેણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને માનવીય સ્વરૂપ આપ્યું છે.

અમારી તમામ યોજનાઓમાં એક હ્યુમન ટચ રહ્યો છે. જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોમાં સંવેદના નથી હોતી, તેમનું માનવીય સ્વરૂપ નથી હોતું, માત્ર લોખંડ-પથ્થર દેખાય તો તેનું નુકસાન આમ જનતાએ વેઠવું પડે છે.

### બાલાસાહેબ ઠાકરે સમૃદ્ધિ માર્ગ મહારાષ્ટ્રના ૧૦ જિલ્લાથી પસાર થશે



વડાપ્રધાને રવિવારે નાગપુર-મુંબઇ વચ્ચે બની રહેલા સમૃદ્ધિ મહામાર્ગના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું. કુલ ૭૦૧ કિ.મી. લાંબા એક્સપ્રેસવેનો નાગપુરથી મુંબઇ સુધી ૫૨૦ કિ.મી.નો પહેલો તબક્કો તૈયાર થઇ ચૂક્યો છે. ૫૫ હજાર કરોડ રૂ.ના ખર્ચે બની રહેલો આ એક્સપ્રેસવે મહારાષ્ટ્રના ૧૦ જિલ્લા અને અમરાવતી, ઔરંગાબાદ તથા નાસિકના મુખ્ય શહેરી ક્ષેત્રોમાંથી પસાર થશે. એક્સપ્રેસવે આસપાસના અન્ય ૧૪ જિલ્લાની કનેક્ટિવિટી સુધારશે, જેથી વિદર્ભ, મરાઠવાડા અને ઉત્તર મહારાષ્ટ્રના ક્ષેત્રો સહિત રાજ્યના ૨૪ જિલ્લાના વિકાસમાં મદદ મળશે.

### ગોવામાં 3 આયુષ સંસ્થાઓનું ઉદ્‌ઘાટન
### મોપા એરપોર્ટનું નામ મનોહર પાર્રિકરના નામે

પણજી । વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગોવામાં ૩ રાષ્ટ્રીય આયુષ સંસ્થાઓનું ઉદઘાટન કર્યું. વડાપ્રધાન ૯મી વિશ્વ આયુર્વેદ કોંગ્રેસના સમાપન સમારંભમાં ભાગ લેવા પણજી પહોંચ્યા હતા. અહીં તેમણે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅડિકલ સાયન્સ (AIIMS) હેઠળ ઓલ ઈન્ડિયા ઈસ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદનું (AIIA)નું ઉદઘાટન કરવાની સાથે ઉત્તર પ્રદેશની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુનાની મૅડિસિન અને દિલ્હીની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોમિયોપેથીનું વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યું. આ પ્રસંગે વડાપ્રધાને કહ્યું કે ત્રણેય ઈન્સ્ટિટ્યૂટ આયુષ હેલ્થકેર સિસ્ટમને નવી ગતિ આપશે. આયુર્વેદનો મંત્ર છે: બધાનું સુખ અને બધાનું આરોગ્ય. તેમાં ઈલાજની સાથે કલ્યાણની વાત છે. જીવન જીવવાની શૈલી છે. શરીર અને મન બંનેના સ્વાસ્થ્યની વાત છે. આપણી પાસે આયુર્વેદના પુરાવા અને પ્રભાવ બંને હતા, પરંતુ પુરાવા પાછળ રહી ગયા. પણજીના આયુર્વેદ સંમેલનમાં ૫૦થી વધુ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો. વડાપ્રધાને ગોવાના મોપા ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદઘાટન કર્યું. એરપોર્ટને દિવંગત પૂર્વ મુખ્યપ્રધાન મનોહર પાર્રિકરનું નામ આપવામાં આવ્યું છે.

### આતંકવાદને સારા અને નરસામાં વહેંચવાનો યુગ સમાપ્ત થાય : ભારત

। સંયુક્ત રાષ્ટ્ર ।

આતંકવાદને મુદ્દે ભારતે પાકિસ્તાનનું નામ લીધા વિના પાકિસ્તાન પર ફરી એકવાર પ્રહારો કર્યા છે. સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં ભારત દ્વારા જારી થયેલી નોંધમાં કહેવામાં આવ્યું છે કે રાજકીય સગવડો આધારે આતંકવાદના સારા અને નરસા એમ બે ભાગમાં થતા રહેતા વર્ગીકરણનો યુગ તાકીદે સમાપ્ત થવો જોઈએ. ગુડ ટેરરિઝમ અને બેડ ટેરરિઝમ જેવા વર્ગીકરણો આતંકવાદ સામે લડવાની વૈશ્વિક પ્રતિબદ્ધતાઓને નબળી કરશે. ઉલ્લેખનીય છે કે ૧૦ દેશોની બનેલી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું ભારત વર્તમાનમાં અધ્યક્ષપદ સંભાળી રહ્યું છે. ૧૪ અને ૧૫ ડિસેમ્બરના રોજ વિદેશ પ્રધાન એસ.જયશંકરના અધ્યક્ષપદે સુધારેલા બહુપક્ષવાદ તેમ જ આતંકવાદ પ્રતિકાર એમ બે મુદ્દે બે હસ્તાક્ષર કાર્યક્રમનું આયોજન થવાનું છે. તે કાર્યક્રમ પહેલાં ભારતના કાયમી પ્રતિનિધિએ પત્ર લખીને જણાવ્યું છે કે તમામ સ્વરૂપે અભિવ્યક્ત થતા આતંકવાદની આલોચના થવી જોઈએ. આતંકવાદનું કોઈક કાર્ય અપવાદ ના માની શકાય. રાજકીય સગવડો આધારે આતંકવાદના થતા વર્ગીકરણનો યુગ સમાપ્ત થવો જોઈએ.

#### ભારતના કાયમી પ્રતિનિધિ રુચિરાનો પત્ર

૧૪ અને ૧૫ ડિસેમ્બરે યોજાનારા હસ્તાક્ષર કાર્યક્રમ પહેલાં ભારતના સંયુક્ત રાષ્ટ્ર ખાતેના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે મહામંત્રી એન્ટોનિયો ગુટેરેસને પત્ર લખ્યો છે. પત્રમાં આતંકવાદ જેવા ગંભીર મુદ્દે ચર્ચા શરૂ થાય તે પહેલાં એક નોંધ સુરક્ષા પરિષદના સભ્યોમાં પરિષદના દસ્તાવેજના સ્વરૂપમાં પહોંચતી કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.







